..........................................................ના ઉપયોગ અર્થે

**અગ્રતા ક્રમ: :** ૩૦

વિભાગ: ઉધોગ અને ખાણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૨૧૬૬

**વિધાન સભા ગ્રુહમા જવાબ આપવાની તારીખ :**૨૯/૦૨/૨૦૨૪

ગુજરાત વિધાનસભા : ૧૫ મી વિધાનસભાનુ ચોથુ સત્ર.

તારાંકિત પ્રશ્ન : આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ

તારાંકિત પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી : શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે

અને તેમનો મતવિસ્તાર : (માંડવી)

અગ્રતા ક્રમ : ૩૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૬૬
વિષય: આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ
પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે (માંડવી )

| ક્રમ | વિગત | પાન |
|---|---|---|
| ૧ | તારાંકિત પ્રશ્ન | |
| ૨ | વિધાનસભાને આપેલ જવાબ | |
| ૩ | પુરક માહિતી | |
| ૪ | પુરક પ્રશ્ન ૧: કચ્છ જીલ્લાના સરક્રિક વિસ્તારમાં પ્રવાસનને વેગ મળે તે માટે સરકારશ્રી દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ? જો હા તો તેની વિગત આપો? | |
| ૫ | પુરક પ્રશ્ન ૨: સીમા દર્શન પ્રોજેક્ટ, નડાબેટ અંતર્ગત ઓપરેશન & મેન્ટેનન્સ માં ક્યા પ્રકારની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે? અને ઉપરોક્ત ઓપરેશન & મેન્ટેનન્સની કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | |
| ૬ | પુરક પ્રશ્ન ૩: નડાબેટ ખાતે પ્રવાસન નિગમ દ્વારા કઈ-કઈ કામગીરી કરવામાં આવેલ છે? તેમજ તેમાં કેટલો ખર્ચ થયેલ છે? | |

## પૂરક માહિતી

ગુજરાત રાજ્યમાં સીમા દર્શન પ્રવાસન ને વેગ મળે તે હેતુથી બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકા ખાતે નડાબેટ બોર્ડર ટુરિઝમ અંતર્ગત પ્રવાસીઓને ભારત-પાકિસ્તાન સરહદ પર બીએસએફ ના જવાનો સાથે દેશદાઝથી ભર્યો એક અદભૂત અનુભવ મેળવી શકે તે માટે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ઉપરોક્ત પ્રવાસન સુવિધાઓ વિકસવવાના પરિણામે દેશ-વિદેશ થી પ્રવાસીઓ નડાબેટ બોર્ડરની મુલાકાત લેતા હોય છે. સદર જગ્યા પર ટી-જંકશન, આર્ટ ગેલેરી, એડવેન્ચર પાર્ક, ગેમ્સ ઝોન વગેરે નો વિકાસ કરવામાં આવેલ છે. તથા સંધ્યાના સમયે રોજ બીએસએફ ના જવાનો દ્વારા પરેડ યોજવામાં આવે છે. પ્રવાસીઓનો ધસારાને ધ્યાન માં રાખી નડાબેટ ખાતે રહેઠાણ ના હેતુ સહ ટેન્ટસિટી ના વિકાસનું કાર્ય હાલ પ્રગતિ હેઠળ છે.

સીમા દર્શન માટે આવનાર પ્રવાસીઓ માટે બી.એસ.એફ દ્વારા થતી પરેડ તથા અન્ય એક્ટીવીટી નિહાળી શકે તે હેતુ થી એડીશનલ સાઉન્ડ સીસ્ટમ સાથે બે એલ.ઈ.ડી. સ્ક્રીન લગાવવાનું આયોજન કરેલ છે, જેમાં ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ કરી L૧ આવેલ એજન્સી સાથે નેગોસીએશનની કામગીરી પ્રગતિમાં છે.

### નડાબેટ ખાતે બોર્ડર ટુરીઝમનું મહત્વ

'સીમા દર્શન' ગુજરાત પ્રવાસન અને બીએસએફ દ્વારા આરંભાયેલો એક અનન્ય પ્રકલ્પ છે જે સીમા સુરક્ષા દળના જવાનો રીટ્રિટ પરેડ તેમજ દેશની પરંપરા અને સંસ્કૃતિને પ્રદર્શીત કરે છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ૨૪ ડિસેમ્બર ૨૦૧૬ ના દિવસે નડાબેટ ખાતે આવેલ ઝીરો પોઈન્ટને બોર્ડર ટુરીઝમ તરીકે વિકસાવવા માટેનો ઉમદા અને અનોખો કાર્યક્રમ શરુ કરવામાં આવેલ છે

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સરહદી વિસ્તારોમાં મુલાકાતીઓને સરહદી વિસ્તારોના પ્રવર્તમાન સુરક્ષા વાતાવરણનું તેમજ સરહદની રાત-દિવસ સુરક્ષા કરતા BSF ના જવાનોનો કાર્ય શૈલી તેમજ પડકારોનો પ્રત્યક્ષ અનુભવ કરાવવો.

આથી નાગરીકોમાં આત્મવિશ્વાસ વધશે કે અમારી સરહદો સુરક્ષિત છે, અને તેઓમાં સરહદી સુરક્ષા દળો (BSF) પ્રત્યે આદર અને કર્તવ્યની ભાવના પેદા કરશે.

પ્રવાસીઓની સંખ્યામાં થતા વધારાને ધ્યાને રાજય સરકાર દ્વારા નડાબેટ ખાતે આવેલ ટી- જંક્શન ખાતે માળખાગત પ્રવાસી સુવિધાઓ, બી,એસ.એફના જવાનો માટે પરેડ ગ્રાઉન્ડ અને રહેવા માટે બેરેક વિકસાવવાનુ આયોજન કરેલ છે.

માનનીય ગૃહ મંત્રીશ્રી, ભારત સરકારના વરદ હસ્તે તા. ૧૦/૦૪/૨૦૨૨ના રોજ ભારત પાકીસ્તાન સરહદને પ્રવાસન સ્થળ તરીકે ખુલ્લુ મુકવામાં આવેલ..સીમા દર્શન એ એક અનોખો કાર્યક્રમ છે, જેના થકી સ્થાનીક લોકોને રોજગારી મળી રહેલ છે.
રાજ્ય અને દેશ માંથી  આવતા પ્રવાસીઓ માટે સીમા દર્શન કાર્યક્રમ એ ભારત પાકિસ્તાન બોર્ડરની મુલાકાત સાથે સાથે સીમા સુરક્ષા દળ ધ્વારા કરવામાં આવતી રીટ્રીટ સેરેમની જોવાનો પણ લાભ મળે છે.

## પુરક માહિતી

ગુજરાત સરકારની બોર્ડર ટુરીઝમ યોજના અન્વયે નીચે મુજબની પ્રવાસી સુવિધાના વિકાસની કામગીરી હાથ ધરેલ છે.

- પ્રોવાઈડિંગ ટુરિસ્ટ ફેસીલીટીઝ એટ ટી.જંકશન એટ નડાબેટ,તા.સૂઈગામ,જી. બનાસકાંઠા (ફેઝ-૧)
    - આગમન પ્લાઝા
    - જાહેર પાર્કિંગ
    - ઓડિટોરિયમ
    - દુકાનો (૨૨ નંગ )
    - ટોઈલેટ બ્લોક
    - આઉટર ડેવલપમેંટ
    - રિટેનિંગ વોલ

➔ ઉક્ત કામગીરી કુલ રૂ. ૨૨૮૩.૯૫ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

✹ પ્રોવાઈડિંગ ટુરિસ્ટ ફેસિલીટીસ ફોર રિટ્રેડ સેરેમની એટ ટી જંકશન એટ નડાબેટ,તા. સૂઈ ગામ,બનાસકાંઠા (ફેઝ-૨)

- અજય પ્રહેરી
- પરેડ ગ્રાઉન્ડ
- અપ્રોચ રોડ
- સરદ ગાથા મ્યુઝીયમ
- એર ક્રાફ્ટ પ્લેટફોર્મ
- BSF બેરેક
- વોટર સંપ

➔ ઉક્ત કામગીરી કુલ રૂ. ૩૨૦૩.૯૩ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

✹ ઈન્ટીરીયર અને અલાઈડ સર્વિસીસ વર્ક ફોર ટી-જંકશન એટ નડાબેટ,તા. સૂઈ ગામ,બનાસકાંઠા (ફેઝ-૩)(ફર્નીચર વર્ક)

➔ એક્ઝિબિશન હૉલ નું ફર્નિચર કામ

➔ આગમન પ્લાઝા માં ઓફીસને લગતું ફર્નિચર

➔ ઓડિટોરિયમ ને સાઉન્ડ પ્રૂફ એકોસ્ટીક વર્ક અને ફર્નિચર

➔ જાહેર પાર્કિંગ માં CCTV કેમેરા અને પબ્લિક એનાઉસ મેન્ટ સ્પીકર સીસ્ટમ

➔ બહારથી આવનાર પ્રવાસીઓની સિક્યુરીટી માટે મેટલ ડિટેક્ટર સિસ્ટમ

➔ ઉક્ત કામગીરી કુલ રૂ. ૪૩૪.૪૧ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

➔ કોન્સેપ્ટ પ્લાન, ડિઝાઈનીગ, ઈન્ટરપીટેશન સેન્ટર અને આઉટ ડોર ઈન્સ્ટોલેસન (ફેઝ -૪)

- સેન્ટ્રલાઈઝ એસી
- 3D ગેમ ઝોન
- ભારત મા જુદી-જુદી સરહદ દર્શાવતા કલ્પસર
- આઉટર લઈટીંગ ઈન્સ્ટો લેશન

➔ ઉક્ત કામગીરી કુલ રૂ. ૧૭૫૨.૩૦ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થીતીએ રૂ.૨૧૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

➔ તદ્દુપરાંત નડાબેટ સીમા દર્શન પ્રોજેક્ટ અંતર્ગત આર & બી વિભાગને ૪૦૭૩.૫૮ લાખ અને ફોરેસ્ટ વિભાગને ૬૭.૪૦ લાખની ગ્રાન્ટ ફાળવામાં આવેલ છે તથા કન્સલ્ટન્સી તરીકે ૧૪૪.૭૮ લાખ ની ચુકવણી કરવામાં આવેલ છે આમ, સીમા દર્શન પ્રોજેક્ટ કુલ ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરેલ છે.

| માર્ગ અને મકાન વિભાગ | | |
|---|---|---|
| અનુ | કામનુ નામ | ફાળવેલ રકમ |
| ૧ | ટી-જનકશન થી જીરો પોઈન્ટ વચ્ચેના રોડ ના રીપેરીંગ માટે (વર્ષ-૨૦૧૭) | ૧૦ કરોડ |
| ૨ | વ્યુઈગ ડેક (વર્ષ-૨૦૧૭) | ૧.૫૭ કરોડ |
| ૩ | જીરો પોઈન્ટ નજીક વ્યુઈગ ડેક (૫ મીટર ઉચાઈ) (વર્ષ- ૨૦૧૭) | ૧.૦૯ કરોડ |
| ૪ | જીરો પોઈન્ટ ખાતે પ્રવાસી સુવિધાનો વિકાસ (વર્ષ- ૨૦૧૮-૨૦૨૦) | ૭.૬૫ કરોડ |
| ૫ | ટી-જનકશન થી જીરો પોઈન્ટ વચ્ચેના રોડને ટ્રાફીકિબલ કરવામાટે (વર્ષ- ૨૦૧૭-૨૦૧૯) | ૯.૧૦ કરોડ |
| ૬ | સેલ્ફી પોઈન્ટ (વર્ષ-૨૦૧૯) | ૦.૬૧ કરોડ |
| ૭ | બિન ઉપયોગી લડાયક આર્ટીકલને પ્રદર્શન | ૫.૪૬ કરોડ |

| | | |
|---|---|---|
| | મુકવા માટે ના પ્લેટફોર્મ (વર્ષ ૨૦૨૧-૨૦૨૨) | |
| ૮ | ટી-જંકશન ખાતે રોડ ની કામગીરી (વર્ષ ૨૦૨૧-૨૦૨૨) | ૧.૯૦ કરોડ |
| ૯ | જીરો પોઈન્ટ ખાતે જુદી જુદી કામગીરીના મરમત માટે (વર્ષ -૨૦૨૧) | ૦.૫૩ કરોડ |

ફોરેસ્ટ વિભાગ ને કુલ ૦.૬૭ કરોડની ગ્રાન્ટ ટી જંકશન થી નડેશ્વરી માતા મંદિર સુધીના રોડ તથા ટી- જન્કશન ના ગેટ થી એક કીલોમીટીટર સુધી વૃક્ષારોપણ કરવા અને તેની જાળવણી કરવા માટે ફાળવેલ હતા.

➔ પ્રવાસન વિભાગ દ્વારા સીમા દર્શન પ્રોજેક્ટ અંતર્ગત પ્રવાસીઓના રાત્રી રોકાવાની સુવિધા અર્થે ટેન્ટસિટી નું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવેલ અને ૫૦,૦૦૦ ચો. મી ની અંદર આ સુવિધાઓ વિકસાવવાની કામગીરી હાલે પ્રગતિ હેઠળ છે. જેમાં પ્રવાસીઓના રાત્રી રોકાણ માટે ૬૫ જેટલા ટેન્ટ બનાવવાનું આયોજન છે.

સીમા દર્શન પ્રોજેક્ટ, નડાબેટ ખાતે આવતા પ્રવાસીઓ પાસેથી નીચે મુજબનો ટિકિટ ખર્ચ વસૂલવામાં આવે છે

(૧) વયસ્ક:- રૂ.૧૦૦/-
(૨) બાળક:- રૂ.૫૦/-
(૩) વિદ્યાર્થી:- રૂ.૫૦/-
(૪) આંતરરાષ્ટ્રીય પ્રવાસી:- રૂ.૫૦૦/-

| વર્ષ | નડાબેટ ટુરિસ્ટ ફૂટફોલ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧.૩૧ |
| ૨૦૨૦-૨૧ | ૧.૨૪ |
| ૨૦૨૧-૨૨ | ૩.૪૭ |
| ૨૦૨૨-૨૩ | ૫.૫૧ |

# કચ્છ જિલામાં  આવેલ સર ક્રિક નો વિકાસ

સર ક્રિક:

કચ્છ જિલ્લાના લાગુ પડતા દરિયાઈ સીમા વિસ્તાર એવા સરક્રીક અને કોરીક્રિકનો વિકાસ માટે તથા સદર સ્થળ ખાતે પ્રવાસીઓની સંખ્યામા પુસ્કળ પ્રમાણમા વધારો થાય તથા દરિયાઈ સીમા ભારત-પાકિસ્તાનને લગત સરક્રીકના નજીકના વિસ્તારમા પ્રવાસન સ્થળો નો વિકાસ કરી શકાય તથા કોટેશ્ર્વર અને નારાયણ સરોવર જેવા સ્થળો પણ ખુબજ નજીક મા હોઈ સદર સ્થળોએ આવતા પ્રવાસીઓને ઇન્ડોનેશિયા જેવા દેશોમા કરવામાં આવેલ મેન્ગ્રું ટુરીઝમ જેવો લાભ માળીયે સરક્રીક અને કોરીક્રિક આઈલેન્ડ ખાતે મળી રહેતે હેતુથી આ વિસ્તારમા તેનું વાવતેર તથા વિકાસની કામગીરી પ્રગતિમાં છે. સદર કામગીરી માટે અંદાજીત રૂ.૨૫૦.૦૦ કરોડ થવા પામેલ છે. જે પૈકી અત્યારે પ્રથમ તબ્બકામા કામગીરી માટે ૫૦.૦૦ કરોડની રકમની મંજુરી મળેલ છે. તથા તે માટે આર્કિટેકની નિમાણુક પણ કરી દેવામાં આવેલ છે.સદર આર્કિટેક્ટ દ્વ્રારા સ્થળ પરિસ્થિતિ પ્રમાણે ની કામગીરી તથા આગામી ડેવલોપમેન્ટ માટે સર્વેની તમામ કામગીરી માટેની મંજુરી મેળવી વગેરે કામગીરી અત્યાર પ્રગતિ હેઠળ છે.

સદર પ્રથમ તબક્કાની કામગીરી માટેનો કમ્પોનેન્ટ નીચે મુજબના છે.

- ફ્લોટિંગ જેટી
- વોચ ટાવર
- મરીન ઈન્ટરપીટીસન સેન્ટર
- મેન્ગ્રું વોક
- ફૂડ કિઓસ્ક
- ઈન્ફોર્મેશન સેન્ટર  કન્વેશન સેન્ટર,
- પબ્લિક યુટિલિટીપ્રાથમિક આરોગ્ય સારવાર,
- હેલીપેડ
- ભૂંગા રિસોર્ટ
- એડવેન્ચર પાર્ક
- નેચર ટ્રેઈલસ

તેમજ તાજેતરમાં માન.મંત્રીશ્રી દ્વારા તા.૧૬/૦૨/૨૦૨૪ના બીએસ એફ ચેક પોસ્ટ લક્કી નાળા પાસે ગુજરાત મેરીટાઈમ બોર્ડના સહયોગથી પ્રવાસીઓ માટે બોટિંગની સુવિધાનું લોકાર્પણ કરવામાં આવ્યું.

પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે (માંડવી)

પુરક પ્રશ્ન (૧) : કચ્છ જીલ્લાના સરક્રિક વિસ્તારમાં પ્રવાસનને વેગ મળે તે માટે સરકારશ્રી દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ? જો હા તો તેની વિગત આપો?

જવાબ: નડાબેટ ખાતે સીમા દર્શન ની શરૂઆતથી બનાસકાંઠાના સરહદી વિસ્તારોમાં સર્વાંગીણ વિકાસ જોવા મળી રહેલ છે, પ્રવાસન ઉધોગ ધમધમી રહ્યો છે અને નવી નવી રોજગારીની તકો નિર્માણ થઈ રહેલ છે.

નડાબેટ ખાતે આટલો બહોળો પ્રતિસાદ મળતા સરકારશ્રી દ્વારા કચ્છ જીલ્લાના સરક્રિક વિસ્તારમાં સમુદ્રી સીમા દર્શન નો નવતર પ્રયાસ કરવાનું વિચાર્યુ, જેના ભાગરૂપે પ્રવાસન વિભાગ દ્વારા  મેરીટાઇમ બોર્ડ, વન વિભાગ અને બી.એસ.એફના સહયોગથી તા: ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ વિધીવત રીતે સમુદ્રી સીમા દર્શન માટે બીએસ એફ ચેક પોસ્ટ લક્કી નાળા પાસે પ્રવાસીઓ માટે બોટિંગની સુવિધા ની શરૂઆત કરવામાં આવેલ છે.

સમુદ્રી સીમા એવા સિરક્રિક વિસ્તારની આસપાસ સમુદ્રી સીમા દર્શન માટે આનુશંગીક ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ કરવા માટે સૈધ્ધાતિક મંજુરી અન્વયે કન્સલ્ટન્ટની નિમણુક કરવામાં આવેલ છે. સમુદ્રી સીમા દર્શન માટે આવનાર પ્રવાસીઓ માટે અંદાજીત રૂ. ૨૫૦ કરોડના ખર્ચે વિકાસના કાર્યો કરવામાં આવનાર છે.

સરકારશ્રી દ્વારા પ્રારંભિક તબ્બકે રૂ.૫૦.૦૦ કરોડની સૈધાંતિક મજુરી આપવામાં આવેલ છે.સદર પ્રથમ તબક્કાની કામગીરી માં નીચે કમ્પોનેન્ટ નીચે મુજબનો સમાવેશ થાય છે.

- ફ્લોટિંગ જેટી
- વોચ ટાવર
- મરીન ઈન્ટરપીટીસન સેન્ટર
- મેન્ગ્રું વોક
- ફૂડ કિઓસ્ક
- ઈન્ફોર્મેશન સેન્ટર  કન્વેશન સેન્ટર,

- પબ્લિક યુટિલિટીપ્રાથમિક આરોગ્ય સારવાર,
- હેલીપેડ
- ભૂંગા રિસોર્ટ
- એડવેન્ચર પાર્ક
- નેચર ટ્રેઈલસ

પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- અનિકેતભાઇ ઠાકર (પાલનપુર)

પુરક પ્રશ્ન (૨) સીમા દર્શન પ્રોજેક્ટ, નડાબેટ અંતર્ગત ઓપરેશન & મેન્ટેનન્સ માં ક્યા પ્રકારની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે? અને ઉપરોક્ત ઓપરેશન & મેન્ટેનન્સની કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ: સીમા દર્શન નડાબેટ ખાતે ઓપરેશન & મેન્ટેનન્સની કામગીરી કરવા સારું પારદર્શક ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી એજન્સીની પસંદગી કરવામાં આવેલ છે. અને ઉપરોક્ત પસંદગી પામેલ એજન્સી દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

- નડાબેટ સીમા દર્શન પ્રોજેક્ટનું માર્કેટિંગ અને પ્રમોશન કરવું
- વિવિધ પ્રકારની એડવેન્ચર એક્ટિવિટી હાથ ધરવી
- અલગ અલગ પ્રકારના ઈવેન્ટનું આયોજન કરવું
- સમગ્ર પ્રિમાઈસિસ ની અંદર સુવ્યવસ્થિત સિક્યોરિટી રાખવી.
- સાફ સફાઈ માટે જરૂરી હાઉસ કીપીંગની વ્યવસ્થા કરવી
- નડાબેટ ખાતે થી 0 (જીરો) પોઈન્ટ પ્રવાસીઓને અવર-જવર માટે જરૂરી ટ્રાન્સપોટેશનની વ્યવસ્થા કરવી
- સમયાંતરે મરામતની કામગીરી કરવી
- જરૂરિયાત મુજબનું માનવબળ પૂરું પાડવાની કામગીરી કરવી
- બ્રાન્ડેડ શોપ ઉચ્ચ ગુણવત્તાવાળી ખાણી-પીણીની અને અન્ય સંલગ્ન વ્યવસ્થાઓ કરવી.

સીમાદર્શન પ્રોજેક્ટ-નડાબેટ ના સંચાલન તેમજ જાળવણી અર્થે છેલ્લા ૨ વર્ષમાં નીચે મુજબ નો ખર્ચ થયેલ છે :

૧. વર્ષ ૨૦૨૨: ૯,૪૮,૬૩,૨૩૫ /-
૨. વર્ષ ૨૦૨૩: ૬,૫૪,૧૩,૧૦૯ /-

<u>પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કેશાજી ચૌહાન (દિયોદર )</u>

પુરક પ્રશ્ન (૩) નડાબેટ ખાતે પ્રવાસન નિગમ દ્વારા કઈ-કઈ કામગીરી કરવામાં આવેલ છે? તેમજ તેમાં કેટલો ખર્ચ થયેલ છે?

જવાબ: ગુજરાત સરકારની બોર્ડર ટુરીઝમ યોજના અન્વયે નડાબેટ ખાતે સીમા દર્શન અંતર્ગત નીચે મુજબની પ્રવાસી સુવિધાના વિકાસની કામગીરી હાથ ધરેલ છે.

- ➔ ફેઝ-૧ અંતર્ગત આગમન પ્લાઝા, પાર્કિંગ, ઓડિટોરિયમ, દુકાનો (૨૨ નંગ ) તેમજ આઉટર ડેવલપમેન્ટ વગેરે કામગીરી કુલ રૂ. ૨૨૮૩.૯૫ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

- ➔ ફેઝ-૨ અંતર્ગત અજય પ્રહેરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ,અપ્રોચ રોડ, સરદ ગાથા મ્યુઝીયમ, એર ક્રાફ્ટ પ્લેટફોર્મ, BSF બેરેક વગેરે કામગીરી કુલ રૂ. ૩૨૦૩.૯૩ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

- ➔ ફેઝ-૩ અંતર્ગત એક્ઝિબિશન હૉલ નું ફર્નિચર કામ, આગમન પ્લાઝા માં ફર્નિચર કામ, ઓડિટોરિયમનું સાઉન્ડ પ્રૂફ એકોસ્ટીક વર્ક અને ફર્નિચર, CCTV કેમેરા અને પબ્લિક એનાઉસમેન્ટ સીસ્ટમ વગેરે કામગીરી કુલ રૂ. ૪૩૪.૪૧ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.
- ➔ ફેઝ -૪ અંતર્ગત સેન્ટ્રલાઈઝ એસી, 3D ગેમ ઝોન,ભારત મા જુદી-જુદી સરહદ દર્શાવતા કલ્પચર ,લાઈટીંગ વગેરે કામગીરી કુલ રૂ. ૧૭૫૨.૩૦ લાખના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થીતીએ રૂ.૨૧૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

- ➔ તદુપરાંત સીમા દર્શન પ્રોજેક્ટ જુદા જુદા વિભાગને ફાળવામાં આવેલ ગ્રાન્ટ સહીત સીમા દર્શન પ્રોજેક્ટ કુલ ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરેલ છે.